પ્રધાનમંત્રી આજથી બે દિવસ ગુજરાત પ્રવાસે : અટલબ્રિજનું લોકાર્પણ કરશે

અમદાવાદમાં વિવિધ કાર્યક્રમમાં હાજરી આપશે : સાંજે અમદાવાદ એરપોર્ટ પર રાજ્યપાલ આચર્ય દેવવ્રત તેમજ સીએમ ભૂપેન્દ્ર પટેલ પીએમ મોદીનું સ્વાગત કરશે

અમદાવાદ,તા.૨૬

પીએમ મોદી ૨૭ અને ૨૮ ઓગસ્ટ એટલે કે ૨ દિવસ ગુજરાતના પ્રવાસે છે. ત્યારે અમદાવાદથી લઇ કચ્છ સુધી PMના અનેક કાર્યક્રમો છે. અમદાવાદમાં પીએમ મોદી અટલબ્રિજનું લોકાર્પણ કરશે. તો ખાદી મહોત્વમાં પણ ભાગ લેશે. તો કચ્છમાં સ્મૃતિ વન તૈયાર કરવામાં આવી રહ્યુ છે. આ સ્મૃતિ વનનું લોકાર્પણ પીએમ મોદી કરશે. સાથે જ તેઓ કચ્છમાં એક વિશાળ જનસભા પણ સંબોધશે. અને ભુજમાં બ્રાંચ કેનાલનું પણ લોકાર્પણ કરશે. પ્રધાનમંત્રી મોદીએ ખાદીને પ્રોત્સાહન મળે એ માટે અનેક વખત જાહેર મંચો પરથી આહવાન કર્યું છે તો અનેકવિધ પગલાંઓ પણ લીધા છે સાથે સાથે **Khadi for fashion,Khadi for nation and khadi for transformation** નું સૂત્ર આપ્યું છે ત્યારે આવતીકાલે પીએમ મોદી ૨ દિવસીય ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે.

પીએમ મોદી અનેક કાર્યક્રમોમાં હાજરી આપવાના છે જેમાંથી અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ખાદી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન મોદીએ આપેલા આઝાદી કા અમૃત મહોત્સવના આહ્વાહન હેઠળ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન નિર્ણાયક બનેલી ખાદીની મહત્તાને દર્શાવવા અને ભાવાંજલિ આપવા ૨૭ ઓગસ્ટ ૨૦૨૨ના ખાદી ઉત્સવનો કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. કાર્યક્રમનું સમાપન સત્ર મોદી દ્વારા સંબોધિત થશે. ખાદી ભારતના સમૃદ્ધ વારસા અને સ્વતંત્રતાનું પ્રતીક પણ છે ત્યારે આવતીકાલે પીએમ મોદી ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે ત્યારે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ખાદી ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ખાદી ઉત્સવમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓ ખાસ કરીને સુરેન્દ્રનગર અમરેલી અને રાજકોટમાંથી ૭૫૦૦ મહિલા ખાદી કારીગરો એક જ સમયે એકસાથે ચરખાનું જીવંત નિદર્શન કરશે. ૭૫૦૦ મહિલા કારીગરોનું આવુ આયોજન વિશ્વમાં પ્રથમ વખત થઇ રહ્યું છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે મહિલાઓ સફેદ સાડી ઉપર ટ્રાઈકલર અંગવસ્ત્ર પહેરશે. કાર્યક્રમને લઈ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. પીએમ મોદી મહિલા કારીગરોની સાથે ચરખો કાંતશે.

આ ઉપરાંત વિવિધ લોકવાદ્યો દ્વારા ગાંધી વિચારધારા આધારિત જીવંત સંગીતનો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ થશે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મુખ્યપ્રધાન અને રાજ્ય સરકારના કુટીર ઉદ્યોગપ્રધાન પણ સંબોધન કરશે. KVIC મુજબ ખાદીના ઉત્પાદનમાં ૧૭૨ ટકા વધારો થયો છે અને ૨૦૧૪થી ખાદીના વેચાણમાં ૨૪૫ ટકાનો વધારો થયો છે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં ૧૯૨૦ના દાયકાથી અત્યારસુધી ઉપયોગમાં લેવાતા ચરખાની વિવિધ પેઢીઓના ૨૨ ચરખાને પ્રદર્શિત કરીને ચરખા ઉત્ક્રાંતિને પણ દર્શાવવામાં આવશે. આ ચરખા ઉત્ક્રાંતિમાં યરવડા ચરખાની સાથોસાથ બીજા અનેક ચરખાનો પણ સમાવેશ થશે. જે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ ચળવળથી લઈને આજના સમયમાં ઉપયોગમાં લેવાતી નવીનતમ ટેક્નોલોજી સાથેના ચરખાઓનું પ્રતીક બનશે. આ ચરખા ઉત્ક્રાંતિ પ્રદર્શનની પીએમ મોદી દ્વારા મુલાકાત લેવામાં આવશે અને સાથે જ પોન્ડુરુ ખાદીના ઉત્પાદનનું જીવંત નિદર્શન પણ કરવામાં આવશે.

પુનઃ પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિઓ માટે ગુજરાતને ૯ એવોર્ડ

સોલર રૂફટોપની સ્થાપિત ક્ષમતા ૧૯૨૫ મેગા વોટ સાથે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે : ગુજરાત પવન ઊર્જા સ્થાપિત ક્ષમતામાં ૯૫૩૪ મેગા વોટ સાથે દેશમાં બીજા ક્રમે : સોલર ઊર્જાની સ્થાપિત ક્ષમતામાં ૭૯૭૩ મેગા વોટ સાથે બીજા ક્રમે

ગુજરાતે કલાઈમેટ ચેન્જ અને પુનઃ પ્રાપ્ય ઊર્જા સંદર્ભે અનેકવિધ નવતર આયામો હાથ ધરીને નવી નીતિઓ પણ બનાવી છે જેના પરિણામે ગુજરાતે હરીત ઊર્જા નિર્માણમાં હરણફાળ ભરી છે. રાજ્ય સરકારના હકારાત્મક અભિગમને પરિણામે ગુજરાત પુનઃ પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયું છે. પુનઃ પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિઓ માટે ગુજરાતને ૯ એવોર્ડ પ્રાપ્ત થયા છે. આ એવોર્ડ તા.૨૭મી ઓગસ્ટના રોજ કેરળના કોચીન ખાતે નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી ભગવંત ખુબાના હસ્તે એનાયત થશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ઊર્જા વિભાગે અસરકારક અને પરિણામલક્ષી કામગીરી કરી છે તેના ફળ સ્વરૂપે આ એવોર્ડ ગુજરાતને પ્રાપ્ત થયા છે. મુખ્યમંત્રીશ્રી અને ઉર્જામંત્રીશ્રીએ આ વિશેષ સિદ્ધિ બદલ ઊર્જા વિભાગને અભિનંદન પાઠવ્યા છે.

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, કલાઈમેટ ચેન્જ વિભાગ તથા ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીના સંયુકત ઉપક્રમે ગુજરાત સરકારે સકારાત્મક પ્રજાલક્ષી ગ્રીન ઊર્જા નીતિ દ્વારા કરાયેલ ઉત્તમ કામગીરીને પરિણામે ગુજરાત હાલ પવન ઉર્જાની સ્થાપિત ક્ષમતા ૯૫૩૪ મેગા વોટ સાથે સંપૂર્ણ દેશમાં બીજા સ્થાને, સોલર ઉર્જાની સ્થાપિત ક્ષમતા ૭૯૭૩ મેગા વોટ સાથે બીજા ક્રમે જ્યારે સોલર રૂફટોપની સ્થાપિત ક્ષમતા ૧૯૨૫ મેગા વોટ સાથે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે.

ગુજરાતને પુનઃ પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે એસોસીએશન ઓફ રીન્યુએબલ એનર્જી ઓફ સ્ટેટ દ્વારા જે નવ (૯) એવોર્ડ એનાયત થવાના છે જેમાં (૧)ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીને વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતિય ક્રમની સૌથી વધારે પુનઃ પ્રાપ્ય ઉર્જાની 'સ્થાપિત ક્ષમતા' માટે (૨) ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીને વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતિય ક્રમની સૌથી વધારે પુનઃ પ્રાપ્ય પવન ઊર્જા સ્થાપિત ક્ષમતા માટે (૩) ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીને વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતિય ક્રમની સૌથી વધારે પુનઃ પ્રાપ્ય ઊર્જા જનરેશન માટે (૪) ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીને વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતિય ક્રમની સૌથી વધારે પુનઃ પ્રાપ્ય ઊર્જા કેપેસીટી એડીશન (ક્ષમતા વધારા) માટે (૫) ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીને વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતિય ક્રમની સૌથી વધારે સૌર ઊર્જા ક્ષમતા વધારવા માટે (૬) ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીને વર્ષ ૨૦૨૧-૨૨ માટે પ્રથમ ક્રમની સૌથી વધારે પવન ઊર્જા વધારાની ક્ષમતા માટે (૭) મધ્ય ગુજરાત વિજ કંપની લી. ને વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતિય ક્રમની સૌથી વધારે સૌર ઊર્જા 'સ્થાપિત ક્ષમતા' માટે (૮) મધ્ય ગુજરાત વિજ કંપની લી. ને વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતિય ક્રમની સૌથી વધારે સૌર ઊર્જા વધારાની ક્ષમતા માટે (૯) ગુજરાત ઊર્જા ટ્રાંસમીશન કંપની લી. ને વર્ષ ૨૦૨૧-૨૨ માટે દ્વિતિય ક્રમની સૌથી વધારે ટ્રાંસમીશન ક્ષમતા અને ટ્રાંસમીશન લાઈન્સ માટે ગુજરાતની પસંદગી કરવામાં આવી છે.

સોમનાથ મહાદેવ ને ભસ્મ શૃંગાર કરવામાં આવેલ

શિવ પહેલાથી જ ભસ્મ નહોતા લગાવતા પરંતુ તેમની પત્ની પાર્વતી જે પૂર્વ જન્મમાં પ્રજાપતિ દક્ષ ની પુત્રી માતા સતિ સ્વરુપે પ્રગટ્યા હતા. પરંતુ પોતાના જ પિતાના યજ્ઞમાં પતિ શિવનું અપમાન થતા જોઈ સતિએ યોગાગ્નિ દ્વારા પોતાના શરિરનો નાશ કર્યો. જેથી કોધિત શિવ ત્રણેય લોકોમાં તેમના સતિના શરીરને લઈ ફર્યા અને ત્યાર પછી જ તેમણે આ ચિતા ભસ્મને પોતાના શરીર પર લગાવી. આ સમયથી શિવજીના શ્રૃંગાર માટે ભસ્મ લગાવવાનો રિવાજ છે.

ગુજરાત સ્ટેટ એલિજિબિલિટી પરીક્ષા માટે રજીસ્ટ્રેશન ૨૯ ઓગસ્ટથી શરૂ થશે

વડોદરા,તા.૨૬

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીએ ગુજરાત સ્ટેટ એલિજિબિલિટી ટેસ્ટ ૨૦૨૨ નું નોટિફિકેશન જાહેર કર્યું છે. ગુજરાત સ્ટેટ એલિજિબિલિટી પરીક્ષા માટે રજીસ્ટ્રેશન ૨૯ ઓગસ્ટ ૨૦૨૨ થી શરૂ થશે. પરીક્ષા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૨ સુધી છે. પરીક્ષા ૬ નવેમ્બર ૨૦૨૨ થી યોજાશે. પરીક્ષાની સમયમર્યાદા ૩ કલાકની હશે.

પેપર-1ની પરીક્ષા એક કલાકની હશે. ગુજરાત સ્ટેટ એલિજિબિલિટીની પરીક્ષા સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ વાગ્યા સુધી યોજાશે. ત્યારે પેપર-2ની વાત કરીએ તો આ પરીક્ષા બે કલાક માટે હશે.

માત્ર તે ઉમેદવાર ગુજરાત સ્ટેટ એલિજિબિલિટીમાં હાજર થવા માટે યોગ્ય છે જેમણે યુજીસી દ્વારા ઉલ્લેખિત માસ્ટર ડિગ્રીના છેલ્લા વર્ષ અથવા સેમિસ્ટરને પૂર્ણ કર્યું છે/ અભ્યાસ કરી રહ્યા છે. જે ઉમેદવાર પરીક્ષા માટે અરજી કરવા ઇચ્છે છે, તેમણે જનરલ, જનરલ-EWS અને SEBC-નોન ક્રીમી લેયર ઉમેદવારો માટે અરજી ફી તરીકે ૯૦૦ રૂપિયા ચૂકવવા પડશે.

૭૦૦ અનુસુચિત જાતી/ અનુસુચિત જનજાતિ/ ટ્રાન્સજેન્ડર ઉમેદવારો માટે અને ૧૦૦ રૂપિયા વિકલાંગ ઉમેદવારોને આપવા પડશે. ઉમેદવારો તેની ચૂકવણી ક્રેડિટ કાર્ડ/ ડેબિટ કાર્ડ/ નેટ બેંકિંગ દ્વારા ઓનલાઈન મોડના માધ્યમથી કરી શકે છે.

સિંગતેલના ભાવ વધુ એકવાર વધ્યા

ઓઈલ એસોસિયેશને પ્રધાનમંત્રીને લખ્યો પત્ર : ખાદ્યતેલ ઉદ્યોગોને ઈનપુટ ટેક્સ ક્રેડિટ રિફંડ આપવા માંગ

રાજકોટ, તા.૨૬

ઓગસ્ટ મહિનો આવતા જ ખાદ્યતેલના ભાવમાં સતત ભડકો થઈ રહ્યો છે. એક અઠવાડિયામાં ત્રીજીવાર સિંગતેલના ભાવમાં વધારો થયો છે.

સીંગતેલમાં રૂપિયા ૬૦ નો વધારો ઝીંકાયો છે. આ સાથે સિંગતેલનો ડબ્બો ૩૦૦૦ રૂપિયાને પાર પહોંચ્યો છે. ખાદ્યતેલના વધતા ભાવને લઈને હવે ગુજરાત એડીબલ ઓઈલ એન્ડ સિડ્સ એસોસિએશન મેદાને આવ્યું છે. ગુજરાત એડિબલ ઓઈલ એન્ડ સિડ્સ એસોસિયેશનના પ્રમુખ સમીર શાહે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને નાણાંમંત્રી નિર્મલા સિતારમનને તેલના વધતા ભાવ અંગે પત્ર લખ્યો છે. કેન્દ્ર સરકાર ખાદ્યતેલના ભાવ વધારા પાછળ જવાબદાર હોવાનો આરોપ લગાવ્યો છે. ખાદ્યતેલ ઉદ્યોગોને ઈનપુટ ટેક્સ ક્રેડિટ રિફંડ આપવાની માંગ કરી છે. આડકતરી રીતે GST વધારી દેતા ખાદ્યતેલના ભાવ વધ્યા હોવાનો પત્રમાં ઉલ્લેખ કરાયો છે. GST કાઉન્સિલના નિર્ણયને ફેર વિચારણા કરવાની ઓઈલ મિલરોમાં માંગ ઉઠી છે. રિટેલ માર્કેટમાં ખાદ્ય પદાર્થોના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. પહેલીવાર સિંગતેલનો ભાવ છેલ્લા એક સપ્તાહમાં ડબાદીઠ રૂ.૧૦૦-૧૨૫ વધી સૌ પ્રથમ વખત રૂ.૩૦૦૦ની સપાટીએ પહોંચી ગયો છે. તેલના ભાવ વધવાનું એક કારણ સંગ્રહખોરી પણ કહેવાઈ રહી છે.

સિંગતેલની સાથે સાથે કપાસિયા તેલ, પામોલિન તેલના ભાવમાં પણ વધારો થઈ રહ્યો છે. મગફળીનો નવો પાક માર્કેટમાં આવે તેના બાદ જ ભાવ ઘટવાની શક્યતા છે. નવો પાક આવવા હજી વાર છે તેથી ત્યાં ભાવ ઉંચા રહેશે. ગુજરાતની ૯૦ ટકા ઓઈલ મિલો બંધ થઈ ચૂકી છે જેની પણ બજાર પર અસર જોવા મળી છે.

સરકારે પગાર વધારાનો જીઆર ન કરતા પોલીસકર્મીઓને લાભ નહીં મળે

પગાર વધારાને લઇને નાણાં વિભાગને જીઆર મળ્યા નથી

ગાંધીનગર,તા.૨૬

ગુજરાત પોલીસના ગ્રેડ પે આંદોલનને લઈને ગુજરાતના પોલીસકર્મીઓ માટે રાજ્ય સરકારે મહત્વની જાહેરાત કરી હતી. જેમાં સરકારે કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ અને ASIના પગારમાં રૂ. ૩થી ૫ હજારનો પગાર વધારો કર્યો હતો. એ માટે સરકારે રૂ. ૫૫૦ કરોડનું ભંડોળ મંજૂર કર્યું હતું. જોકે સરકારે પગારવધારાની જાહેરાત કર્યા બાદ પણ પોલીસકર્મીઓને ચાલુ મહિને પગાર વધારાનો લાભ નહીં મળે.

ગુજરાતના પોલીસ કર્મીઓમાં નારાજગીઃ સરકારે પગાર વધારાનો જીઆર ન કરતા પોલીસકર્મીઓને ચાલુ મહિને નહીં મળે પગાર વધારાનો લાભ, સરકારે પોલીસકર્મીઓના ૩થી ૫ હજારના પગાર વધારાની કરી છે. ગુજરાત સરકારે પોલીસ કર્મીઓના પગાર વધારાની તો જાહેરાત કરી દીધી છે પરંતુ હજુ સુધી પગારવધારાનો જીઆર ન કરતા પોલીસકર્મીઓને ચાલુ મહિને પગાર વધારાનો લાભ નહીં મળે. આથી પોલીસકર્મીઓમાં નારાજગી જોવા મળી રહી છે. તમને જણાવી દઈએ કે, પગાર વધારાને લઈને નાણાં વિભાગને હજુ સુધી જીઆર નથી મળ્યો.

પોલીસકર્મીઓની માંગને લઈને થોડાક દિવસો અગાઉ એક સમિતિની રચના કરવામાં આવી હતી. જેમાં CM અને હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં મહત્વની બેઠક યોજવામાં આવી હતી. જેમાં યોગ્ય ચર્ચા વિચારણા કરી ગુજરાતના પોલીસ કર્મચારીઓના પગારમાં વધારો કરાયો હતો. એ માટે રાજ્ય સરકારે રૂ. ૫૫૦ કરોડનું ભંડોળ મંજૂર કર્યું હતું.

સ્વાઈન ફ્લુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે જ્યારે બે દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરના સે. ૨૭માં ૮૧ વર્ષીય વૃદ્ધનો સ્વાઈન ફ્લુનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ વાવોલ ગામમાં ૫ વર્ષની બાળાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ભાટ ગામેથી ૪૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા ૩ કેસ સાથે સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૨૭ પર પહોંચી છે. શહેરમાં સ્વાઈન ફ્લુના કેસો બેવડી ઋતુનું વાતાવરણ જે પ્રવર્તી રહ્યુ છે તેને લઈ વધી રહ્યાની ચર્ચા પણ સાંભળવા મળી રહી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કલોલમાંથી એક કેસ મળી આવેલ છે. કલોલ તાલુકાના સઈજ ગામેથી ૧૧ માસની આયુ ધરાવતા એક દિકરાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના કલોલ તાલુકામાંથી આજે નોંધાયેલ કેસ સાથે કલોલ તાલુકામાં અત્યાર સુધીમાં સ્વાઈન ફ્લુના પાંચ કેસ થયા છે. જિલ્લામાં સ્વાઈન ફ્લુના ૧૩ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસ સાથે હાલ ૩ દર્દીઓ સારવાર હેઠળ છે જ્યારે ૯ દર્દીને સાજા થતાં રજા આપવામાં આવી છે. ૧ બાળ દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ હતુ જે નોંધનીય છે.

ચિથરેહાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. શહેરમાં છેલ્લા દોઢ દાયકામાં વિવિધ માર્ગોની આસપાસ કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથની જાળવણી આમ પણ કરવામાં આવતી નથી ફુટપાથ પર ઠેર ઠેર વાહનો પણ દોડતા નજરે પડે છે. જયારે સેકટરોમાંથી મુખ્યમાર્ગ પર અવરજવર કરવા માટે શોર્ટ કટસ બનાવવા માટે પણ ફુટપાથમાં ભંગાણ કરવામાં આવ્યુ છે. બીજીતરફ કેટલાક ઠેકાણે ફુટપાથ પર લારી ગલ્લાના દબાણો પણ ખડકાયા છે. જયારે તુટેલા બાકડા અને વૃક્ષોના થડીયા તેમજ વિવિધ બોર્ડસ અને હોર્ડીંગ્સ ખોપવા માટે પણ વોક વે ને બિન્દાસ્ત રીતે નુકશાન પહોંચાડવામાં આવે છે. અલબત્ત વોક વે નો ઉપયોગ વોકીંગ માટે નહીં પરંતુ વાહનોની અવરજવર અને જાહેરાત માટેના હોર્ડીંગ્સ લગાવવા માટે પણ વિશેષ થાય છે. આવા સંજોગોમાં વરસાદી દિવસોમાં આમ પણ શહેરના માર્ગોનુ ધોવાણ થયુ છે જેના લીધે માર્ગો પર ઠેર ઠેર મોટા ગાબડા જોવા મળે છે. બીજીતરફ ફુટપાથની હાલત માર્ગો કરતા પણ ખરાબ છે. શહેરમાં પાણીની નવી લાઈન નાંખવા માટે હાથ ધરાયેલી ખોદકામગીરી દરમિયાન ઠેર ઠેર મોટા ખાડા ખોદવામાં આવ્યા છે. આ સ્થિતિ વચ્ચે ફુટપાથનો પણ ક્ચ્ચરઘાણ વળી ગયો છે. અગાઉ હાથ ધરાયેલી સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી બાદ માર્ગોના વાઈડનીંગ , પાણી ગટરની લાઈનના ખોદકામમાં ફુટપાથ આખી ફંગોળાઈ ગઈ છે જેના લીધે ફુટપાથ પર વોકીંગ કરવાનુ પણ હવે સલામત રહ્યુ નથી. આવા સંજોગોમાં વોકીંગ કરનારા પણ ગમે ત્યારે ગોથે ચઢે તેવી સ્થિતિ સર્જાઈ છે. ઘણાં ઠેકાણે ફુટપાથની ટાઈલ્સો ઉખડીને દુર પડી છે. તો કેટલાક ઠેકાણે વોક વે માં માત્ર કર્બિંગ જોવા મળે છે. અંદર ટાઈલ્સ અદ્રશ્ય થઈ ગઈ છે.ખ-૩ , ખ-૫ , ગ-૩,ઘ-૨ ગ-૨ ખ-૦ થી ખ-૩ પાસે ફુટપાથમાં મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. ફુટપાથની આ સ્થિતિ હોવાછતા આ માટે વોક વે ના રીનોવેશનનુ કોઈ આયોજન કરવામાં આવતુ નથી. આ ઉપરાંત નગરના મુખ્ય ઉભા આડા રસ્તાઓ આસપાસ સ્થિત ફેન્સીંગની પણ આ જ દશા છે. જેના લીધે વન આરક્ષિત વિસ્તાર પણ રખડતા ઢોર અને ગંદકીનો અડ્ડો બનતા હરિયાળીની જાળવણી અને જતન સામે મોટો ખતરો મંડરાયો છે. શહેરમાં ઠેર ઠેર ફેન્સીંગ તુટેલી હાલતમાં જોવા મળે છે. જેમાં રોડ નં -૩ , ખ રોડ, રોડ નં -૫ તેમજ ગ માર્ગ પર ફેન્સીંગ અદ્રશ્ય થઈ ગઈ છે. આમછતા ફેન્સીંગના રીપેરીંગનુ કામ હાથ ધરવામાં આવતુ નથી. સ્માર્ટ બનતા ગાંધીનગરનો મેક ઓવર કરવાની વાતો વચ્ચે જે મુળભુત વ્યવસ્થા છે તે પણ ખાડે ગઈ છે. એક કામ પુરુ થાય અને અન્ય નવી સમસ્યાઓ ઉભી થાય છે. આડેધડ ખોદકામ અને જાળવણીના અભાવે ફુટપાથ અને ફેન્સીંગમાં મોટા ગાબડા જોવા મળી રહ્યા છે. સ્થાનિક નાગરિકો પણ આ સ્થિતિથી તોબા પોકારી ગયા છે. આ મામલે ત્વરિત અસરથી વોક વે નુ રીપેરીંગ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

સંક્રમણ ઘટ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર તાલુકાના પીંપળજ ગામે ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલમાં ખાત્રજ ગામેથી ૨૫ વર્ષીય યુવાન અને નારદીપુર ગામેથી ૪૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૩એ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે ગ્રામ્ય વિસ્તારમાં ૧ હજારથી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા પાંચ કેસ નોંધાયા છે. જેમાં ૩ મહિલા દર્દી છે. આજે નોંધાયેલા પાંચ કેસમાં એક દર્દી નેપાળની યાત્રાએથી પરત ફર્યા બાદ તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં આજે સરગાસણ ગામેથી બે કેસ ઉપરાંત સે. ૧૯, સે. ૪ અને રાયસણ ગામેથી કેસ મળી આવેલ છે.

આજે નોંધાયેલા પાંચે દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય અને જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકી કરી છે.

મુદ્દા છવાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરી વિસ્તાર ખાસ કરીને ગાંધીનગર શહેરમાં પણ વિવિધ સેક્ટરોમાં વધતા જતા દબાણો અંગેની ફરિયાદ અંગે ઝડપથી કાર્યવાહી કરવા માટે જણાવવામાં આવ્યુ છે.

ગાંધીનગર સે. ૬માં તેમજ અન્ય સેક્ટરોમાં જે રીતે આડેધડ વૃક્ષોનું છેદન કરવામાં આવ્યુ છે અને જે રીતે સે. ૬માં ઝુંપડપટ્ટીની સમસ્યા વકરી રહી છે તેને લઈ સ્વાગત કાર્યક્રમમાં ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી.

રિસર્વે તેમજ મિલ્કત આકારણી સંદર્ભે પણ આ જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં રજુઆતો મળી હતી.

સ્વાગત કાર્યક્રમમાં સંબંધિત ખાતાઓના અધિકારીઓને બદલે તેમના પ્રતિનિધિઓ મોકલવામાં આવતા હોવાની પ્રથા સામે પણ જિલ્લા કલેક્ટરે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે હવે પછી અધિકારીઓ હાજર નહિ રહે તો સરકારને અહેવાલ આપી પગલાં લેવા જણાવવામાં આવશે તેવી ચીમકી પણ આપી હતી.

ખર્ચને મંજુરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ તૈયાર કરાયો હતો. જયારે આ સઘળી કામગીરી માટે જુદા જુદા ટેન્ડરની પ્રક્રીયા હાથ ધરી આખરી કરી દેવામાં આવી છે. ગુડાના સુત્રોના જણાંવ્યા મુજબ પાણી વિતરણ વ્યવસ્થા , પાણીની મેઈન લાઈન , પમ્પ હાઉસ , પમ્પીંગ મશીનરી, ડ્રેનેજ નેટવર્ક સહીત અન્ય આનુસંગિક બાંધકામ સહીતની કામગીરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. જયારે પીવાના પાણીની યોજના અન્વયે મીટર પધ્ધતિથી ૨૪ કલાક સપ્લાય આપવા માટે પણ આયોજન કરાયુ છે. ગ્રામ્ય વિસ્તારમાં જે કામો હાથ ધરવામાં આવનાર છે જેમાં રૂપાલ, સોનીપુર, શાહપુર, રતનપુર, લવારપુર, પિરોજપુર, વલાદ, વજાપુર, સરઢવ, આદરજ મોટી, પુન્દ્રાસણ , તારાપુર, અડાલજ, લેકાવાડા, આલમપુર, પાલજ, પ્રાંતિયા ,શેરથા, ઉવારસદ, ડભોડા, ચિલોડા,સિહોલી મોટી, નવા ધરમપુર, દશેલા, પીંપળજ, દોલારાણા વાસણા સહીતના ગામોનો સમાવેશ થાય છે.

ગુનો કબૂલ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

બહાને ઉત્તર ગોવાના એક રેસ્ટોરન્ટમાં લઈ ગયો અને તેણે (સાંગવાન) પીવાના પાણીમાં કંઈક ભેળવીને સોનાલીને પીવા દબાણ કર્યું. આઈજી ઓમવીર સિંહ બિશ્નોઈએ જણાવ્યું કે સોનાલી ફોગાટ રેસ્ટોરન્ટમાં પાણી પીધા બાદ અસ્વસ્થ અને બીમાર અનુભવી રહી હતી. બાદમાં તેમને સાંગવાન અને સુખવિન્દર દ્વારા હોટેલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં તેઓ રોકાયા હતા અને પછી સેન્ટ એન્ટોની હોસ્પિટલ, અંજુના, જ્યાં ફોગાટને મૃત જાહેર કરવામાં આવ્યા. પોલીસે જણાવ્યું હતું કે ફોગટના ભાઈ રિંકુ ઢાકાએ ફરિયાદમાં આરોપ મૂક્યો હતો કે સોનાલી ફોગટની હત્યા તેના અંગત સહાયક સુધીર સાંગવાન દ્વારા સુખવિંદર સિંઘ સાથે મળીને તેની સંપત્તિ પર કબજો કરવા અને સોનાલીની રાજકીય કારકિર્દી ખતમ કરવાના ઈરાદાથી કરવામાં આવી હતી.

બિશ્નોઈએ કહ્યું કે આ મામલાની દરેક એંગલથી તપાસ કરવામાં આવશે. તેમણે કહ્યું કે તપાસ અધિકારીએ સંબંધિત પરિસરના સીસીટીવી ફૂટેજ તપાસ્યા અને જાણવા મળ્યું કે સુધીર સોનાલીને બળજબરીથી કંઈક પીવડાવી રહ્યો હતો. બિશ્નોઈએ જણાવ્યું હતું કે પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મૃત્યુનું ચોક્કસ કારણ દર્શાવવામાં આવ્યું નથી અને તે વિસેરા, હિસ્ટોપેથોલોજીકલ અને સેરોલોજીકલ રિપોર્ટની રાસાયણિક તપાસ પછી જ સ્પષ્ટ થશે, જેમાં થોડો સમય લાગશે.

આઈજીએ કહ્યું કે સુખવિન્દર અને સાંગવાન બંનેની ધરપકડ કરવામાં આવી છે અને પુરાવાના નાશ અને સાક્ષીઓના પ્રભાવને ટાળવા માટે વધુ તપાસ ચાલુ છે. ફોગાટ ૨૨ ઓગસ્ટે ગોવા આવ્યા હતા અને અંજુના એક હોટલમાં રોકાયા હતા.

સંવેદનનું સ્ટેટસ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ઇ.સ.૧૯૩૭માં કરાંચી ખાતે મળેલા સાહિત્ય પરિષદના અધિવેશનમાં ક.મા.મુનશીએ સૌ પ્રથમ "મહાગુજરાત " શબ્દ પ્રયોજયો હતો..જે પછી "મહાગુજરાત " આંદોલન થકી ગું